# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી – ૩૯૬ ૪૫૦, ગુજરાત

**આ યુનિવર્સિટીના તા.૦૫/૦૧/૨૦૧૭ ના રોજ યોજાનાર બારમાં વાર્ષિક પદવીદાન સમારંભના આયોજન માટે તા.૨૯/૧૧/૨૦૧૬ ના રોજ બપોરે ૧૪.૩૦ કલાકે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષ સ્થાને માન. કુલપતિશ્રીના કચેરીના મીટીંગ હોલમાં રાખેલ મીટીંગની કાર્યવાહી નોંધ :–**

આ બેઠકમાં નીચે મુજબના અધિકારી/કર્મચારીશ્રીઓ હાજર રહેલ હતા.

| અ.નં. | અધિકારીશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | ડૉ. જી.આર. પટેલ | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી. |
| ૨ | ડૉ. એમ.કે.એરવાડીયા | ડીન/આચાર્યશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી. |
| ૩ | ડૉ. બી.એન.પટેલ | ડીન/અચાર્યશ્રી, અસ્પી બાગાયત –વ–વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી. |
| ૪ | ડૉ. એચ.આર.પંડયા | ડીન/આચાર્યશ્રી, એગ્રીબીઝનેશ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, ન.કૃ.યુ., નવસારી. |
| ૫ | ડૉ. કે.એ.પટેલ | સહ સંશોધન નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી. |
| ૬ | ડૉ. બી.આર.પરમાર | પ્રાધ્યાપક(બાગાયત), ન.મ. મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી. |
| ૭ | ડૉ. પી.કે. શ્રીવાસ્તવ | અચાર્યશ્રી, વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી. |
| ૮ | ડૉ. સી.વી.સાવલિયા | નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિઓ, ન.કૃ.યુ., નવસારી. |
| ૯ | શ્રી ડી.ટી. ચૌધરી | હિસાબ નિયામક, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી. |
| ૧૦ | શ્રી એચ.ટી. ભાલસોડ | કાર્યપાલક ઈજનેર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી. |
| ૧૧ | ઈજે. એમ. વી.ગઢવી | નાયબ ઈજનેર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી. |
| ૧૨ | ઈજે. એ.એસ.સીંધી | નાયબ ઈજનેર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી. |
| ૧૩ | ડૉ. રુચિરા શુકલા | સહ પ્રાધ્યાપક, એગ્રીબીઝનેશ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, ન.કૃ.યુ., નવસારી. |
| ૧૪ | ડૉ. અલ્કા સિંઘ | સહ પ્રાધ્યાપક, અસ્પી બાગાયત –વ–વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી. |
| ૧૫ | ડૉ. બી.એલ.રાદડીયા | નિયામકશ્રી ઈનફોર્મેશન ટેકનોલોજી, ન.કૃ.યુ., નવસારી. |
| ૧૬ | શ્રી કે.એમ. પંચાલ | મદદનીશ કુલસચિવ (એકેડેમીક), ન.કૃ.યુ., નવસારી. |
| ૧૭ | ડૉ. આર.એમ.નાયક | સહ પ્રાધ્યાપક, ન.મ. મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી. |

ડૉ. વી.એ. સોલંકી, કુલસચિવશ્રીએ હાજર રહેલ તમામ સભ્યશ્રીઓને આવકાર્યા ત્યારબાદ માન. કુલપતિશ્રીના અધ્યક્ષપણા હેઠળ મીટીંગની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

માન. કુલપતિશ્રીએ હાજર રહેલ તમામ સભ્યશ્રીઓને આગામી વાર્ષિક પદવીદાન સમારંભના સફળ આયોજન માટે કામગીરી કરવા જણાવી તમામ કમીટીના કન્વીનરશ્રીઓ સાથે ક્રમશઃ કામગીરીની ચર્ચા કરી. તેમજ વિસ્તુત ચર્ચા બાદ નીચે મુજબ કામગીરી કરવા નકકી કરવામાં આવ્યું.

(પાછળ)

૧. સર્વે સભ્યશ્રીઓને પ્રોજેકટર દવારા આમંત્રણ પત્રિકાની રૂપરેખા બતાવવામાં આવી. જેને ઝીણવટભરી નજરે અવલોકન કરવામાં આવ્યું અને પ્રિન્ટીંગ માટે આપવા જણાવવામાં આવ્યુ તેમજ ૧૦ ડીસેમ્બર, ૨૦૧૬ સુધીમાં આમંત્રણ પત્રિકા કમિટિને આગળની કાર્યવાહી માટે આપવામાં આવે તેમ જણાવવામાં આવ્યું.

૨. પદવીદાન સમારંભ માટે બેઠક વ્યવસ્થાની ચર્ચા કરવામાં આવી. તેમજ ઓડીટોરીયમ ઉપરાંત સેન્ટ્રલ એકઝામીનેશન હોલ ખાતે જીવંત પ્રસારણ કરવા નકકી કરવામાં આવ્યું. તેમજ યુનિવર્સિટી વેબસાઈટ ઉપર પણ જીવંત પ્રસારણની વ્યવસ્થા કરવા માન. કુલપતિશ્રીએ દ્વારા સુચન કરવામાં આવ્યું.

૩. મહેમાનોનાં વ્યાખ્યાન તા.૧૫ ડીસેમ્બર, ૨૦૧૬ સુધીમાં કુલસચિવશ્રીને આપવાનું જણાવવામાં આવ્યું.

૪. ઓડીટોરીયમનાં સ્ટેજ ઉપરનાં પડદાની સાફ સફાઈ, લાઈટ વ્યવસ્થિત કરવી તેમજ કલરકામની કામગીરી માટે કાર્યપાલક ઈજનેરશ્રી તેમજ તેમનાં સભ્યોને જણાવવામાં આવ્યું.

૫. સ્ટેજ ડેકોરેશન કમિટિનાં કન્વીનરશ્રીને પ્રાર્થના તેમજ ઈનવોકેશન ગીત માટે ગાયકવૃંદ નકકી કરવા જણાવ્યું.

૬. નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણને વિધાર્થીઓને આપવાનાં થતાં ચંદ્રકોની કામગીરી ૧૦ ડીસેમ્બર, ૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવા સૂચિત કરવામાં આવ્યાં.

૭. બેસ્ટ ટીચર એવોર્ડની કામગીરી ૧૫ ડીસેમ્બર ૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવા નકકી કરવામાં આવ્યું.

૮. પ્રેસ મીડીયા કમિટિને ફોટોગ્રાફી/ વિડીયોગ્રાફીની કામગીરી માટે જણાવવામાં આવ્યું.

૯. યુનિવર્સિટી ગેસ્ટહાઉસ, કિસાનઘર વગેરે ૩ જાન્યુઆરી, ૨૦૧૭ થી ૬ જાન્યુઆરી ૨૦૧૭ સુધી પદવીદાન સમારંભ માટે ખાલી રાખવા .

૧૦. કેમ્પસ બ્યુટીફીકેશન અંગે સભ્યશ્રીઓ ચર્ચા કરી જેમાં વૃક્ષોની છટણી, ઝાડના થડને રંગ લગાવવા, રોડ સરખા કરવાનું નકકી કરવામાં આવ્યું તેમજ વૃક્ષોની છટણી માટે સભ્યશ્રીઓનાં સૂચન મુજબ માનનીય કુલપતિશ્રીએ નીચે મુજબનાં સભ્યોની કમિટિ બનાવી. જેમણે સદર કામગીરી નિભાવવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | ડૉ.પી.કે.શ્રીવાસ્તવ | અધ્યક્ષ |
| ૨. | ડૉ.બી.આર.પરમાર | સભ્ય |
| ૩. | ડૉ. વિનય પરમાર | સભ્ય |
| ૪. | ડૉ.આદિલ કાઝી | સભ્ય |
| ૫. | ડૉ. સુરેન્દ્ર ગોહિલ | સભ્ય |

૧૧. ઈન્ફોરમેશન ટેકનોલોજી વિભાગ દવારા જીવંત પ્રસારણની કામગીરી કરવાનું નકકી કર્યુ.

કુલસચિવશ્રીએ સર્વે સભ્યશ્રીઓનો આભાર માની મીટીંગ પૂર્ણ કરવામાં આવી.

ઈ/ચા.કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

જા.નં.નકૃયુ/રજી/પરીક્ષા/કોન્વો– ૧૨/૧૮૪૩-૫૦ /૨૦૧૬,
તા.૭ /૧૨/૨૦૧૬

**નકલ સવિનય રવાના:**

(૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, ન.કૃ.યુ., નવસારી.

(૨) કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, ન.કૃ.યુ., નવસારી.